ગુજરાત સરકાર

સમાજ કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૯-૦૫-૧૯૯૮

ક્રમાંક: સીબીસટીબીસ-૯૮-૦૮-હસલ-૧૧૯૭-૪૦૪૦-છ.

ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ થયેલ નીચેનું જાહેરનામું સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે:

ભારત સરકાર

કલ્યાણ મંત્રાલય

નવી દિલ્હી, તા. ૩૧-૩-૧૯૯૫

જાહેરનામું

જી.એસ.આર. ૮૧૬/ઈ :- અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (૧૯૮૯નો ૩૩મો) ની કલમ ૨૩ ની પેટ-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ભારત સરકાર, આથી, નીચેના નિયમો ઘડે છે, એટલે કે :

૧. ટૂંકું નામ અને પ્રારંભ

૧. આ નિયમો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ થયાની તારીખથી તે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા :

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય :

(ક) ''અધિનિયમ'' એટલે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (૧૯૮૯નો ૩૩મો)

(ખ) ''આશ્રિત'' શબ્દ તેમ જ તેનાં વ્યાકરણ સંબંધી રૂપાંતરો અને સમાન શબ્દપ્રયોગોમાં, અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિની પત્ની, તેનાં પરિણીત કે અપરિણીત સંતાનો, આશ્રિત માતા પિતા, વિધવા બહેન, તથા તેની પહેલાં મૃત્યુ પામેલા પુત્રની પત્ની અને તેનાં બાળકોનો સમાવેશ થશે :

(ગ) 'મુકરર કરેલ વિસ્તાર' એટલે એવો વિસ્તાર કે જ્યાં અત્યાચાર થવાની શક્યતા રહેલી હોવાનું માનવાને રાજ્ય સરકારને કારણ હોય અથવા અધિનિયમ અન્વયે ગુનાની પુનઃઘટનાની આશંકા હોય અથવા અત્યાચારનું વલણ ધરાવતો વિસ્તાર,

(ઘ) 'બિન-સરકારી સંગઠન' એટલે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ સંબંધી કલ્યાણ પ્રવૃત્તિઓમાં રોકાયેલ અને મંડળી નોંધણી અધિનિયમ, ૧૮૬૦ (૧૮૬૦નો ૨૧મો) હેઠળ અથવા દસ્તાવેજોની અથવા આવાં સંગઠનોની નોંધણી માટે તે સમયે અમલમાં હોય એવા કોઈપણ કાયદા હેઠળ નોંધાયેલા સેવા સંગઠન :

(ચ) 'અનુસૂચિ' એટલે આ નિયમોને જોડેલ અનુસૂચિ

(છ) 'કલમ' એટલે અધિનિયમની કલમ;

(જ) સંઘ પ્રદેશના સંબંધમાં 'રાજ્ય સરકાર' એટલે સંવિધાનની કલમ ૨૩૯ અન્વયે રાષ્ટ્રપતિએ નિયુક્ત કરેલ તે સંઘ પ્રદેશના વહીવટદાર;

(ઝ) અહીં પ્રયોજેલા અને જેની વ્યાખ્યા અત્રે આપી નથી, પરંતુ અધિનિયમમાં આપી છે તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં આપેલા જે તે અર્થ પ્રમાણેનો જ રહેશે.

3. સાવચેતીનાં અને નિવારક પગલાં :

(૧) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ પરના અત્યાચારો નિવારવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર નીચે પ્રમાણે કરશે :

(૧) અત્યાચાર થવાની શક્યતા રહેલી હોવાનું માનવાને તેને કારણ હોય અથવા અધિનિયમ અન્વયે ગુનાની પુનઃઘટનાની આશંકા હોય તેવો વિસ્તાર મુકરર કરશે,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અથવા અન્ય કોઈ અધિકારીને, મુકરર કરેલ વિસ્તારોની મુલાકાત લઈને, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવાનો આદેશ આપશે.

(૩) જરૂર જણાશે તો, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની ન હોય તેવી વ્યક્તિઓ, તેમનાં નજીકના સગાંસંબંધીઓ, નોકરો અથવા કર્મચારીઓ અને પારિવારિક મિત્રોના હથિયાર - પરવાના રદ કરશે અને આવાં હથિયારો સરકારી શસ્ત્રાગાર ખાતે જમા કરાવડાવશે.

(૪) તમામ ગેરકાયદે અગ્ન્યાસ્ત્રો જપ્ત કરશે અને અગ્ન્યાસ્ત્રોના ગેરકાયદે ઉત્પાદન પર પ્રતિબંધ મૂકશે.

(૫) વ્યક્તિ અને માલમિલકતની સલામતી સુનિશ્ચિત કરવાના ઉદ્દેશથી જરૂર જણાશે તો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને હથિયાર પરવાના આપશે.

(૬) અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં સરકારને સહાય કરવા માટે રાજ્ય સ્તરીય ઉચ્ચાધિકાર સમિતિ, જિલ્લા અને વિભાગ સ્તરીય સમિતિઓ અથવા ઉચિત અને જરૂરી જણાય તેટલી સંખ્યામાં અન્ય સમિતિઓ રચશે.

(૭) અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા અસરકારક પગલાં સૂચવવા માટે તકેદારી અને દેખરેખ-નિયંત્રણ સમિતિ રચશે.

(૮) અનુસૂચિત જાતિની અને અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને, કેન્દ્ર અને રાજ્યના વિવિધ કાયદાઓની જોગવાઈ હેઠળ અથવા તે અન્વયે ઘડવામાં આવેલ નિયમો, વિનિયમો અને

(૫) ~~પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં~~ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટ તેમને જરૂરી જણાય તો, અથવા અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિ ઈચ્છે તો, તેમને યોગ્ય લાગે તેવી ફીની ચુકવણી કરી નામાંકિત પ્રવર ધારાશાસ્ત્રીને ખાસ અદાલતમાં કેસ ચલાવવા માટે રોકી શકશે.

(૬) રાજ્ય સરકાર ખાસ સરકારી ફોજદારી વકીલની ફીની ચુકવણી રાજ્યમાં અન્ય પેનલના ધારાશાસ્ત્રીઓની ફીના દર કરતા ઉંચા દરે નિયત કરશે.

**૫. પોલીસ સ્ટેશનના પ્રભારી પોલીસ અધિકારીને માહિતી :**

(૧) અધિનિયમ હેઠળ ગુનાના કૃત્ય સંબંધમાં જો પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારીને મૌખિક માહિતી આપવામાં આવી હોય, તો એકે એક માહિતી અંગે તેમણે પોતે અથવા તેમની સૂચનાનુસાર લખાણ કરવાનું રહેશે અને માહિતી આપનારને તે લખાણ વાંચી સંભળાવવાનું રહેશે. અને લેખિતમાં આપેલી કે ઉપર જણાવ્યા પ્રમાણે લખી લીધેલી આવી દરેક માહિતી સંબંધમાં, તે માહિતી આપનાર વ્યક્તિએ સહી કરવાની રહેશે અને તેવી માહિતીનો સાર, તે પોલીસ સ્ટેશને રાખવાના થતા ચોપડામાં નોંધવાનો રહેશે.

(૨) ઉપર પેટા-નિયમ (૧) હેઠળ દફતરમાં નોંધ કરાયા પ્રમાણેની માહિતીની નકલ, માહિતી આપનારને તત્કાળ વિનામૂલ્યે આપવાની રહેશે.

(૩) પેટા-નિયમ (૧) માં જણાવેલ માહિતી દફતર પર લેવા પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારી દ્વારા ઈનકાર કરવામાં આવતાં, નારાજ થયેલ કોઈ વ્યક્તિ, આવી મહિતીનો સાર લેખિત રૂપે ટપાલ દ્વારા સંબંધિત પોલીસ સુપરિન્ટેન્ડન્ટને મોકલી શકશે, જેમણે, જાતે તપાસ કર્યા, પછી અથવા તો નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીએ તપાસ કર્યા પછી, સંબંધિત પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારીને તે માહિતીનો સાર, તે પોલીસ સ્ટેશને રાખવાના થતા ચોપડામાં નોંધવા માટે લેખિત હુકમ કરવાનો રહેશે.

**૬. અધિકારીઓ દ્વારા ઘટના સ્થળની તપાસણી :**

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટ અથવા કોઈ અન્ય કાર્યપાલક મેજિસ્ટ્રેટ અથવા નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારીને, તેમના અધિકારક્ષેત્રમાંની અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓ પર અત્યાચાર થયો હોવાની માહિતી કોઈ વ્યક્તિ પાસેથી પ્રાપ્ત થાય અથવા તેમના જાણવામાં આવે તો તેમણે પોતે તરત જ ઘટના સ્થળની મુલાકાત લઈને, અત્યાચારનું પ્રમાણ, જાનહાનિ, માલમિલકતની હાની અને નુકસાનનો ક્યાસ કાઢી, તત્કાળ તેનો અહેવાલ રાજ્ય સરકારને મોકલવાનો રહેશે.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા - પ્રભાગીય મેજિસ્ટ્રેટ અથવા કોઈ પણ અન્ય કાર્યપાલક મેજિસ્ટ્રેટ અથવા

યોજનાઓ હેઠળ તેમને મળતા હક અને રક્ષણ સંબંધમાં કેળવણી આપવા મુકરર કરેલ વિસ્તારમાં કે કોઈ અન્ય સ્થળે જાગરૂકતા કેન્દ્રો સ્થાપશે અને કાર્ય શિબિરો યોજશે.

(૯) જાગરૂકતા કેન્દ્રોની સ્થાપના કરવા અને તેનો નિભાવ કરવા તથા કાર્યશિબિરોનું આયોજન કરવા માટે બિન-સરકારી સંગઠનોને ઉત્તેજન આપશે તેમજ તેમને જરૂરી નાણાકીય અને અન્ય પ્રકારની સહાય પૂરી પાડશે.

(૧૦) મુકરર કરેલ વિસ્તારમાં ખાસ પોલીસ દળ ગોઠવશે.

(૧૧) પ્રત્યેક ત્રણ મહિનાને અંતે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, જુદી જુદી સમિતિઓની કામગીરી તથા ખાસ,સરકારી ફોજદારી વકીલ, તપાસ અધિકારીઓ અને અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા માટે જવાબદાર અન્ય અધિકારીઓની કામગીરી અને અધિનિયમ અન્વયે નોંધાયેલ કેસોની સમીક્ષા કરશે.

૪. ફરિયાદ કાર્યવાહી પર દેખરેખ રાખવા અને અહેવાલ સુપરત કરવા બાબત :

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટની ભલામણોને આધારે રાજ્ય સરકાર, પ્રત્યેક જિલ્લા માટે, ખાસ અદાલતોમાં કેસો ચલાવવા માટે તેને જરૂરી જણાય તેટલી સભ્ય સંખ્યા ધરાવતી, ઓછામાં ઓછા સાત વર્ષથી વકીલાત કરતા હોય તેવા નામાંકિત પ્રવર ધારાશાસ્ત્રીઓની એક પેનલ રચશે. તે જ પ્રમાણે ફરિયાદ - કાર્યવાહી નિયામક પ્રભારી અધિકારી સાથે પરામર્શ કરીને, ખાસ અદાલતોમાં કેસો ચલાવવા માટે તેને જરૂરી જણાય તેટલી સંખ્યામાં સરકારી ફોજદારી વકીલોની પેનલ પણ નિર્દિષ્ટ કરશે. આ બંને પેનલો, રાજ્યના સરકારી ગેઝેટમાં જાહેર કરવામાં આવશે અને તે ત્રણ વર્ષના સમયગાળા માટે અમલમાં રહેશે.

(૨) આ રીતે નિર્દિષ્ટ અથવા નિયુક્ત કરેલા સરકારી / ફોજદારી વકીલોની કામગીરી અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ અને ફરિયાદ - કાર્યવાહી નિયામક પ્રભારી અધિકારી, વર્ષમાં ઓછામાં ઓછું બે વખત, એટલે કે જાન્યુઆરી અને જુલાઈ માસમાં, સમીક્ષા કરશે અને રાજ્ય સરકારને અહેવાલ સુપરત કરશે.

(૩) રાજ્ય સરકારને ખાતરી થાય અથવા તેને એમ માનવાનું કારણ હોય કે, નિયુક્ત અથવા નિર્દિષ્ટ કરવામાં આવેલ ખાસ સરકારી ફોજદારી વકીલ તેમની પૂરતી આવડતથી અને યોગ્ય કાળજી અને સાવચેતીપૂર્વક કેસ ચલાવતા નથી, તો લેખિતમાં તે માટેનાં કારણો દર્શાવી તેમનું નામ રદ કરી શકશે.

(૪) જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા કક્ષાના ફોજદારી કાર્યવાહીના પ્રભારી અધિકારી, અધિનિયમ અન્વયે નોંધાયેલ કેસોની સ્થિતિની સમીક્ષા કરશે અને તેનો માસિક અહેવાલ તે પછીના દર મહિનાની ૨૦ મી તારીખ કે તે પહેલાં ફોજદારી કાર્યવાહી નિયામકને તથા રાજ્ય સરકારને સુપરત કરશે. આ અહેવાલમાં પ્રત્યેક કેસની તપાસ અને ફોજદારી કાર્યવાહીની બાબતમાં લીધેલા /લેવા વિચારેલાં પગલા નિર્દિષ્ટ કરવાનાં રહેશે.

પોલીસ સુપરિન્ટેન્ડન્ટ / નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટે, ઘટના સ્થળ અથવા વિસ્તારની તપાસણી કર્યા પછી સ્થળ પર જ નીચેની કાર્યવાહી કરવાની રહેશે :

(૧) રાહત માટે હકદાર હોય તેવી ભોગ બનેલી વ્યક્તિઓ તથા તેમનાં કુટુંબના સભ્યો અને આશ્રિતોની યાદી બનાવવાની રહેશે.

(૨) અત્યાચારના પ્રમાણ તથા ભોગ બનેલાઓની માલમિલકતને પહોંચેલ હાનિ અને નુકસાન અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરવાનો રહેશે.

(૩) વિસ્તારમાં સઘન પોલીસ ચોકીપહેરા માટે હુકમ આપવાનો રહેશે.

(૪) ભોગ બનેલાઓના સાક્ષીઓ અને અન્ય સમર્થકોને રક્ષણ પૂરું પાડવા અસરકારક અને જરૂરી પગલાં લેવાનાં રહેશે.

(૫) ભોગ બનેલાઓને તરત રાહત પૂરી પાડવાની રહેશે.

**૭. તપાસ અધિકારી :**

(૧) અધિનિયમ હેઠળ ગુનાના કૃત્યની તપાસ નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટથી ઉતરતા દરજ્જાના ન હોય એવા પોલીસ અધિકારીએ કરવાની રહેશે. રાજ્ય સરકાર / પોલીસ મહાનિયામક / પોલીસ સુપરિન્ટેન્ડન્ટ તપાસ અધિકારીની નિમણૂક કરશે અને તે માટે આવા અધિકારીના ભૂતકાળના અનુભવો તથા કેસની ગૂંચો સમજવાની અને શક્ય તેટલા ઓછા સમયમાં યોગ્ય પદ્ધતિથી કેસ અંગે તપાસ કરવાની આવડત અને ઔચિત્યની સમજદારી ધ્યાનમાં લેવાનાં રહેશે.

(૨) પેટા-નિયમ (૧) અન્વયે આ પ્રમાણે નિમાયેલા તપાસેલ અધિકારીઓ, ઉચ્ચ અગ્રતાના ધોરણે ત્રીસ દિવસમાં તપાસ પૂરી કરીને, તેનો અહેવાલ પોલીસ સુપરિન્ટેન્ડન્ટને મોકલવાનો રહેશે, વળતી કાર્યવાહી રૂપે તેઓ એ અહેવાલ, તરત જ રાજ્ય સરકારના પોલીસ મહાનિયામકને રવાના કરશે.

(૩) રાજ્ય સરકારના ગૃહ સચિવ અને સમાજ કલ્યાણ સચિવ, ફોજદારી કાર્યવાહીના નિયામક / ફોજદારી કાર્યવાહીના પ્રભારી અધિકારી અને પોલીસ મહાનિયામક, દર ત્રણ મહિનાના અંતે, તપાસ અધિકારીએ કરેલી તમામ કેસો અંગેની તપાસની પરિસ્થિતિની સમીક્ષા કરશે.

**૮. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે રક્ષણ એકમ ઉભો કરવો :**

(૧) રાજ્ય સરકાર, રાજ્યના મુખ્ય મથક ખાતે, પોલીસ મહાનિયામક / પોલીસ મહાનિરીક્ષકના હવાલા હેઠળ અનુસૂચિત જાતિ- આદિજાતિ રક્ષણ એકમ ઉભો કરશે આ એકમ નીચેના માટે જવાબદાર રહેશે :

૧. મુકરરૂ કરેલ વિસ્તારની મોજણી હાથ ધરવી ;

૨. મુકરર કરેલ વિસ્તારમાં જાહેર વ્યવસ્થા અને શાંતિ જાળવવી;

૩. મુકરર કરેલ વિસ્તારમાં ખાસ પોલીસ દળની ગોઠવણી અથવા ખાસ પોલીસ ચોકીની સ્થાપના માટે રાજ્ય સરકારને ભલામણ કરવી;

૪. જે સંભવિત કારણોને પરિણામે અધિનિયમ અન્વયે ગુનો થયો હોય તે કારણો અંગે તપાસ કરવી;

૫. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિના લોકોમાં સુરક્ષાની ભાવના પુનઃસ્થાપિત કરવી;

૬. મુકરર કરેલ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે કેન્દ્રવર્તી અધિકારી અને ખાસ અધિકારીને માહિતી આપવી;

૭. વિવિધ અધિકારીઓએ કરેલ તપાસ અને સ્થળ નિરીક્ષણબાબતમાં પૂછપરછ કરી માહિતી મેળવવી;

૮. જે કેસોમાં પોલીસ સ્ટેશનના પ્રભારી અધિકારીએ નિયમ-૫-ના પેટા નિયમ (૩) અન્વયે પોલીસ સ્ટેશને રાખવાના થતા ચોપડામાં માહિતી નોંધવાની ઈનકાર કર્યો હોય એવા કેસોમાં પોલીસ સુપરિન્ટેન્ડન્ટે લીધેલાં પગલાં અંગે તપાસ કરવી;

૯. રાજ્ય સેવાના કોઈ કર્મચારીએ જાણીબૂઝીને દાખવેલ બેદરકારી અંગે તપાસ કરવી;

૧૦. અધિનિયમ અન્વયે નોંધાયેલા કેસોની પરિસ્થિતિની સમિક્ષા કરવી; અને

૧૧. ઉપરની બાબતોના સંદર્ભમાં લીધેલાં / લેવા વિચારાયેલાં પગલાં અંગેનો માસિક અહેવાલ, તે પછીના પ્રત્યેક મહિનાની ૨૦મી તારીખે કે તે પહેલાં રાજ્ય સરકાર / કેન્દ્રવર્તી અધિકારીને સુપરત કરવો.

**૯. કેન્દ્રવર્તી અધિકારીની નામનિયુક્તિ :**

રાજ્ય સરકાર, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિને અગ્ર પસંદગી આપીને રાજ્ય સરકારના સચિવની કક્ષાના કેન્દ્રવર્તી અધિકારીને નામનિયુક્તિ કરશે. જેઓ જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અથવા તેમના દ્વારા અધિકૃત અન્ય અધિકારીઓ, તપાસ અધિકારીઓ અને અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જવાબદાર અન્ય અધિકીરાઓની કામગીરીનું સંકલન કરવાની કામગીરી બજાવશે. કેન્દ્રવર્તી અધિકારી, પ્રત્યેક ત્રણ મહિનાને અંતે નીચેની બાબતોની સમીક્ષા કરશે ; -

૧. નિયમ-૪ના પેટા-નિયમો (૨) અને (૪) નિયમ (૬) તથા નિયમ ૮ના ખંડ (૧૧) અન્વયે રાજ્ય સરકારને મળેલા અહેવાલો;

૨. અધિનિયમ અન્વયે નોંધાયેલા કેસોની પરિસ્થિતિ;

૩. મુકરર કરેલ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ;

૪. અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓ અથવા તેમનાં આશ્રિતોને રોકડમાં કે વસ્તુરૂપે અથવા બન્ને પ્રકાર તત્કાળ રાહત પૂરી પાડવા લીધેલાં વિવિધ પ્રકારનાં પગલાં;

૫. અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓ અથવા તેમનાં આશ્રિતોને આપવામાં આવેલ અન્ન સામગ્રી, કપડાં, આશ્રયસ્થાન, કાનૂની સહાય, પ્રવાસ ભથ્થું, દૈનિક ભથ્થું અને પરિવહન સવલતો જેવી તત્કાળ સવલતોની પર્યાપ્તતા;

૬. બિન-સરકારી સંગઠનો, અનુસૂચિત જાતિ-આદિજાતિ રક્ષણ એકમ, વિવધ સમિતિઓ અને અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જવાબદાર હોય એવાં રાજ્ય સેવાના કર્મચારીઓની કામગીરી.

**૧૦. ખાસ અધિકારીની નિમણૂક :**

મુકરર કરેલ વિસ્તારમાં, જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અથવા અધિનિયમની જોગવાઈઓનાં અમલ માટે જવાબદાર અન્ય અધિકારીઓ, વિવિધ સમિતિઓઅને અનુસૂચિત જાતિ આદિજાતિ રક્ષણ એકમ સાથે સમન્વય સાધવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટથી ઉતરતા દરજ્જાના ન હોય એવા ખાસ અધિકારીની નિમણૂક કરવાની રહેશે. ખાસ અધિકારી નીચેના માટે જવાબદાર રહેશે.

૧. અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓને તત્કાળ રાહત અને અન્ય સવલતો પૂરી પાડવી અને અત્યાચારની પુનર્ઘટના અટકાવવા કે નિવારવા જરૂરી પગલાં હાથ ધરવાં;

૨. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને કેન્દ્ર અને રાજ્યના વિવિધ અધિનિયમો અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને યોજનાઓ વગેરે હેઠળ તેમને મળતા હક સંબંધમાં કેળવણી આપવા માટે મુકરર કરેલ વિસ્તારમાં અથવા જિલ્લા મુખ્ય મથકો ખાતે જાગરૂકતા કેન્દ્ર ઉભાં કરવાં અને કાર્યશિબિરનું આયોજન કરવું;

૩. બિનસરકારી સંગઠનો સાથે સમન્વય સાધવો અને કેન્દ્રો નિભાવવા અથવા કાર્યશિબિરો યોજવા માટે બિન સરકારી સંગઠનોને, જરૂરી સવલતો અને નાણાકીય તથા અન્ય પ્રકારની સહાય પૂરી પાડવી.

**૧૧. અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓ, તેમની આશ્રિત વ્યક્તિઓ અને તેમના સાક્ષીઓને પ્રવાસ-ભથ્થું, દૈનિક ભથ્થું, નિર્વાહ ખર્ચ અને પરિવહન સવલતો :-**

૧. અત્યાચારનો ભોગ બનેલી દરેક વ્યક્તિને અથવા તેની આશ્રિત વ્યક્તિને અને તેના સાક્ષીને, તેના નિવાસસ્થાન અથવા રોકાણ સ્થળથી અધિનિયમ હેઠળના ગુનાના મુકદ્દમાની તપાસના કે સુનાવણી ના

સ્થળ સુધી જવા-આવવા માટે એક્સપ્રેસ/મેલ/પેસેન્જર ટ્રેનના બીજા વર્ગનું ગાડી ભાડું અથવા ખરેખર બસભાડું અથવા ટેક્સીભાડું આપવાનું રહેશે.

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ, અથવા પેટા- પ્રભાગીય મેજિસ્ટ્રેટ અથવા અન્ય કોઈ પણ કાર્યપાલક મેજિસ્ટ્રેટ, અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિઓ અને તેમના સાક્ષીઓને તપાસ અધિકારી, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ/નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અન્ય કોઈ કાર્યપાલક મેજિસ્ટ્રેટ ની મુલાકાત લેવા માટે પરિવહન સવલતો પૂરી પાડવા અથવા તે અંગેની ચુકવણીની પૂરી રકમ ભરપાઈ કરવા જરૂરી વ્યવસ્થા કરશે.

૩. પ્રત્યેક મહિલા સાક્ષી, અત્યાચારનો ભોગ બનેલી મહિલા અથવા જે મહિલા કે સગીર હોય તેવી તેની આશ્રિત વ્યક્તિ તથા ૬૦ વર્ષથી વધુ ઉંમરની વ્યક્તિ, અને ૪૦ ટકા કે તેથી વધુ અશક્તતા ધરાવતી વ્યક્તિ, પોતાની પસંદગીના સહાયકને પોતાની સાથે લઈ જવા હકદાર રહેશે. અધિનિયમ અન્વયેના ગુના બાબતમાં તપાસ, સુનાવણી અને મુકદ્દમા દરમિયાન બોલાવવામાં આવે ત્યારે, સાક્ષીને અથવા અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિને મળવાપાત્ર થતું હોય તે પ્રમાણેનું પ્રવાસ-ખર્ચ અને નિર્વાહ ખર્ચ / સહાયકને પણ ચૂકવવાનું રહેશે.

૪. સાક્ષીને, અત્યાચારનો ભોગ બનેલ વ્યક્તિને અથવા તેની આશ્રિત વ્યક્તિને અને તેના સહાયક ગુનાની તપાસ, સુનાવણી અને મુકદ્દમા દરમિયાન તે, તેના નિવાસસ્થળથી દૂર હોય તેટલા દિવસો અથવા રોકાણના દિવસો માટેનું દૈનિક નિર્વાહ ખર્ચ, રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવે તેવા પરંતુ ન્યૂનતમ વેતન કરતાં ઓછા ન હોય તેવા દરે ચૂકવવાનું રહેશે.

૫. સાક્ષી, અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓ અથવા આશ્રિત વ્યક્તિ અને તેના સહાયકને દૈનિક નિર્વાહ ખર્ચ ઉપરાંત રાજ્યસરકાર દ્વારા વખતોવખત નિયમિત કરવામાં આવે તેવા દરે ભોજન ખર્ચ પણ ચૂકવવાનું રહેશે.

૬. ભોગ બનેલી વ્યક્તિઓ, તેમનાં આશ્રિતો / સહાયક અને સાક્ષીઓને, તપાસ અધિકારી અથવા હવાલો ધરાવતા પોલીસ સ્ટેશન અથવા હોસ્પિટલ સત્તાધિકારીઓ અથવા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ / નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ અથવા જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અન્ય સંબંધિત અધિકારી અથવા ખાસ અદાલતની તેમની મુલાકાતના દિવસો માટેના પ્રવાસ ભથ્થા, દૈનિક ભથ્થા અને નિર્વાહ ખર્ચની ચુકવણી તેમજ પરિવહન ખર્ચની ભરપાઈ, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટ અથવા અન્ય કોઈ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરત જ અથવા ત્રણ દિવસની અંદર કરવાની રહેશે.

૭. અધિનિયમની કલમ-૩ અન્વયે ગુનો કરવામાં આવ્યો હોય ત્યાં, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટ અથવા અન્ય કોઈ કાર્યપાલક મેજિસ્ટ્રેટ અત્યાચારનો ભોગ બનેલાઓને આપવામાં આવેલ

દવાઓ, ખાસ તબીબી સલાહ અને રક્ત સંક્રામણ અંગેનું તેમજ આવશ્યક કપડાં, ભોજન અને ફળફળાદિ અંગેનું ખર્ચ ભરપાઈ કરી આપવાનું રહેશે.

**૧૨. જિલ્લા વહીવટી તંત્રે લેવાનાં પગલાં :**

૧. જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, જ્યાં અત્યાચાર થયો હોય તે સ્થળ અથવા વિસ્તારની મુલાકાત લઈને, જાનહાનિ અને માલમિલકતોના નુકસાનનો ક્યાસ કાઢશે તેમજ રાહત માટે હકદાર એવી ભોગ બનેલી વ્યક્તિઓ, તેમના પરિવારના સભ્યો અને તેમનાં આશ્રિતોની યાદી બનાવશે.

૨. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, એ બાબતની ખાતરી કરશે કે પ્રથમ માહિતી અહેવાલ સંબંધિત પોલીસ સ્ટેશનના ચોપડામાં નોંધવામાં આવ્યો છે અને આરોપી ને ગિરફતાર કરવા માટે અસરકારક પગલાં લેવામાં આવ્યાં છે.

૩. પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યા પછી, તરત તપાસ અધિકારી નીમશે અને તે વિસ્તારમાં પોતાને યોગ્ય અને જરૂરી જણાય તે પ્રમાણે પોલીસ દળને ગોઠવશે અને અન્ય નિવારાત્મક પગલાં લેશે.

૪. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા પ્રભાગીય મેજિસ્ટ્રેટ અથવા અન્ય કોઈપણ કાર્યપાલક મેજિસ્ટ્રેટ આ નિયમો સાથે જોડેલ અનુસૂચિ (જોડાણ-૨ સાથે વાંચતાં જોડાણ-૧) પ્રમાણેના ધોરણ અનુસાર, અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિઓ, તેમના પરિવારના સભ્યો અને તેમની આશ્રિતો વ્યક્તિઓને રોકડમાં અથવા વસ્તુરૂપે કે બન્ને પ્રકારની રાહત તત્કાળ પૂરી પાડવા માટેની વ્યવસ્થા કરશે. આવી તત્કાળ રાહતમાં ખોરાક, પાણી, કપડાં, આશ્રયસ્થાન, તબીબી સહાય, પરિવહન સવલતો અને માનવજીવન માટે જરૂરી અન્ય આવશ્યક બાબતોનો પણ સમાવેશ થશે.

૫. અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિ અથવા તેના આશ્રિતને મૃત્યુ, અથવા ઈજા અથવા માલમિલકતને પહોંચેલ નુકસાનની બાબતમાં પેટા-નિયમ (૪) અન્વયે આપવામાં આવેલી રાહત, જે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદા હેઠળ ઉક્ત બાબતમાં વળતર માટે અન્ય હક્કદાવો કરવાના અન્ય કોઈ હક ઉપરાંતની ગણાશે.

૬. ઉક્ત પેટા-નિયમ (૪) માં જણાવેલ રાહત અને પુનઃ સ્થાપન સવલતો, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટાપ્રભાગીય મેજિસ્ટ્રેટ અથવા અન્ય કોઈ કાર્યપાલક મેજિસ્ટ્રેટે આ નિયમો સાથે જોડેલ અનુસૂચિમાં જોગવાઈ કર્યા પ્રમાણેનાં ધોરણો અનુસાર પૂરી પાડવાની રહેશે.

૭. વળી ભોગ બનેલી વ્યક્તિઓને પૂરી પાડવામાં આવેલ રાહત અને પુનઃ સ્થાપન સવલતોનો અહેવાલ, જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટ અથવા કાર્યપાલક મેજિસ્ટ્રેટ અથવા પોલીસ સુપરિન્ટેન્ડન્ટે ખાસ અદાલતને મોકલવાનો રહેશે. ખાસ અદાલતને ખાતરી થાય કે ભોગ બનેલી વ્યક્તિ

અથવા તેના આશ્રિતને રાહતની ચુકવણી સમયસર કરાઈ નથી અથવા રાહત કે વળતરની રકમ અપૂરતી હતી અથવા રાહત કે વળતરની આંશિક ચુકવણી કરવામાં આવી હતી, તો તેવા કેસમાં તે રાહતની સંપૂર્ણ કે આંશિક ચૂકવણી કરવાના અથવા અન્ય કોઈ પ્રકારની સહાય કરવાના હુકમ કરી શકશે.

**૧૩. અત્યાચાર સંબંધી કામગીરી પૂર્ણ કરવા માટે અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની પસંદગી :**

૧. રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરશે કે અત્યાચારની શક્યતાવાળા વિસ્તારમાં નિમણૂક કરાનાર વહીવટી અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની સમસ્યાઓ સંબંધમાં ઉચિત વલણઅને સમજશક્તિ ધરાવતા હોય.

૨. રાજ્ય સરકારે એ પણ સુનિશ્ચિત કરવાનું રહેશે કે વહીવટી તંત્રમાં અને પોલીસ દળમાં તમામ સ્તરે, ખાસ કરીને પોલીસ ચોકી અને પોલીસ સ્ટેશનના સ્તરે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓનું પર્યાપ્ત પ્રતિનિધિત્વ હોય.

**૧૪. રાજ્ય સરકારની વિશિષ્ટ જવાબદારી :**

રાજ્ય સરકાર, અત્યાચારનો ભોગ બનેલી વ્યક્તિને રાહત અને પુનઃ સ્થાપન સવલતો પૂરી પાડવા માટે તેના વાર્ષિક અંદાજપત્રમાં જરૂરી જોગવાઈઓ કરશે. તે, અધિનિયમની કલમ ૧૫ અન્વયે નિર્દિષ્ટ કરેલ કે નિયુક્ત કરેલ ખાસ સરકારી ફોજદારી વકીલની કામગીરી, જિલ્લા મેજિસ્ટ્રેટ, પેટા પ્રભાગીય મેજિસ્ટ્રેટ અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ ને મળેલ વિવિધ અહેવાલો, તેમણે કરેલ તપાસ અને લીધેલ નિવારાત્મક પગલાં, ભોગ બનેલી વ્યક્તિઓનેપૂરી પાડવામાં આવેલ રાહત અને પુનઃ સ્થાપન સવલતો અને સંબંધિત અધિકારીઓની ત્રુટિઓ સંબંધી અહેવાલોની, વર્ષમાં ઓછામાં ઓછું બે વખત એટલે કે જાન્યુઆરી અને જુલાઈ મહિનામાં સમીક્ષા કરશે.

**૧૫. રાજ્ય સરકાર દ્વારા આકસ્મિકતા યોજના :**

૧. રાજ્ય સરકાર, અધિનિયમની જોગવાઈઓના અમલ માટે નમૂનારૂપ આકસ્મિકતા યોજના તૈયાર કરશે અને રાજ્ય સરકારના સરકારી ગેઝેટમાં તે પ્રસિદ્ધ કરશે. તે વિવિધ વિભાગો અને તેમના જુદા જુદા સ્તરના અધિકારીઓની કામગીરી અને જવાબદારી તેમજ ગ્રામીણ / શહેરી સ્થાનિકસંસ્થાઓ અને બિન સરકારી સંગઠનોની કામગીરી અને જવાબદારી નિશ્ચિત કરશે. આ યોજનામાં અન્ય બાબતોની સાથોસાથ નીચેની બાબતો આવરી લેતાં રાહત પગલાં સમુચ્ચયનો પણ સમાવેશ થશે.

ક. રોકડામાં કે વસ્તુરૂપે કે બન્ને પ્રકારે તત્કાળ રાહત પૂરી પાડવાની યોજના.

ખ ખેત-જમીન અને ઘરથાળની ફાળવણી,

ગ. પુનઃ સ્થાપન સમુચ્ચય,

ઘ. ભોગ બનેલી વ્યક્તિના આશ્રિતને અથવા તેમના પરિવારનાં એક સભ્યને સરકારમાં કે સરકારી ઉપક્રમમાં રોજગાર માટેની યોજના,

ચ. મૃત્યુ પામેલ વ્યક્તિની વિધવા, આશ્રિત બાળકો માટે તથા અત્યાચારનો ભોગ બનેલ અપંગો અથવા વયોવૃદ્ધ વ્યક્તિઓ માટે પેન્શન યોજના,

છ. ભોગ બનેલી વ્યક્તિઓ માટે આદેશ મૂલક (mandatory) વળતર,

જ. ભોગ બનેલ વ્યક્તિની સામાજિક, આર્થિક સ્થિતિ સંગીન બનાવવા માટેની યોજના,

ઝ. ભોગ બનેલ વ્યક્તિઓને ઈંટ, પથ્થરના ચણતરવાળાં મકાનો પૂરાં પાડવા માટે ની જોગવાઈ.

ટ. અનુસૂચિત જાતિઓ અને અનસૂચિત આદિજાતિઓની વસાહતો ખાતે આરોગ્ય સંભાળ, આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો, વીજળી કરણ, પીવાના પાણીની પૂરતી સંવલતો, કબ્રસ્તાન / સ્મશાન અને કડી માર્ગ જેવી અન્ય બાબતો.

૨. રાજ્ય સરકાર, આકસ્મિકતા યોજના કે તેના સારાંશની નકલ અને તે અન્વયેની કાર્યયોજનાની નકલ, બનતી ત્વરાએ કેન્દ્ર સરકારના કલ્યાણ મંત્રાલયને તથા તમામ જિલ્લા મેજિસ્ટ્રેટો, પેટા-પ્રભાગીય મેજિસ્ટ્રેટો, પોલીસ મહાનિરીક્ષકો તથા પોલીસ સુપરિન્ટેન્ડન્ટોને મોકલશે.

**(૧૬) રાજ્ય સ્તરીય તકેદારી અને દેખરેખ-નિયંત્રણ સમિતિની રચના :**

(૧) રાજ્ય સરકાર તકેદારી અને દેખરેખ નિયંત્રણ ઉચ્ચાધિકાર સમિતિની રચના કરશે, જે નીચે જણાવ્યા પ્રમાણેના વધુમાં વધુ ૨૫ સભ્યોની બનેલી હશે.

૧. મુખ્યમંત્રી / વહીવટદાર- અધ્યક્ષ (રાષ્ટ્રપતિ શાસન હોય તેવા રાજ્યમાં રાજ્યપાલશ્રી અધ્યક્ષ)

૨. ગૃહમંત્રી, નાણામંત્રી અને કલ્યાણ મંત્રી- સભ્યો (રાષ્ટ્રપતિ શાસન હોય તેવા રાજ્યમાં સલાહકારો સભ્યો),

૩. સંસદ, રાજ્ય વિધાનસભા અને રાજ્ય વિધાન પરિષદમાં ચૂંટાયેલા હોય તેવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિનાં તમામ સભ્યો- સભ્યો,

૪. મુખ્ય સચિવ, ગૃહ સચિવ, પોલીસ મહાનિર્દેશક, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે ના રાષ્ટ્રીય આયોગના નિયામક, નાયબ નિયામકસભ્યો,

૫. 'અનુસૂચિત જાતિ આદિજાતિ વિષયક કલ્યાણ અને વિકાસ' ના પ્રભારી સચિવ-નિમંત્રક (કન્વીનર)

(૨) તકેદારી અને દેખરેખ - નિયંત્રણ ઉચ્ચાધિકાર સમિતિ વર્ષમાં ઓછામાં ઓછુ બે વાર એટલે કે જાન્યુઆરી અને જુલાઈ માસમાં મળશે અને અધિનિયમની જોગવાઈઓનો અમલ, ભોગ બનેલ વ્યક્તિઓને પૂરી

પાડવામાં આવેલ રાહત અને પુનઃસ્થાપન સવલતો તથા તે સાથે સંકળાયેલ અન્ય બાબતો, અધિનિયમ અન્વયે કેસોની કાર્યવાહી, અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જવાબદાર જુદા જુદા અધિકારીઓ / સંસ્થાઓની કામગીરી અને રાજ્ય સરકારને મળેલ વિવિધ અહેવાલોની સમીક્ષા કરશે.

**૧૭. જિલ્લા સ્તરીય તકેદારી અને દેખરેખ-નિયંત્રણ સમિતિની રચના :**

(૧) રાજ્યમાંના દરેક જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ, તેમના જિલ્લામાં તકેદારી અને દેખરેખ - નિયંત્રણ સમિતિની રચના કરશે, અને આ સમિતિ અધિનિયમની જોગવાઈઓના અમલ, ભોગ બનેલ વ્યક્તિઓને પૂરી પાડવામાં આવેલ રાહત અને પુનઃસ્થાપન સવલતો તથા તેની સાથે સંકળાયેલ અન્ય બાબતો, અધિનિયમ અન્વયે કેસોની ફોજદારી કાર્યવાહી, અધિનિયમની જોગવાઈઓના અમલ માટે જવાબદાર જુદા જુદા અધિકારીઓ / સંસ્થાઓની કામગીરી અને જિલ્લા વહીવટીતંત્રને મળેલ વિવિધ અહેવાલોની સમીક્ષા કરશે.

(૨) જિલ્લા સ્તરીય તકેદારી અને દેખરેખ-નિયંત્રણ સમિતિ નીચેના સભ્યોની બનેલી રહેશે :- સંસદ, રાજ્ય વિધાનસભા અને વિધાન પરિષદના ચૂંટાયેલા સભ્યો, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના હોય તેવા જુથ 'ક' ના અધિકારીઓ રાજ્ય સરકારના રાજપત્રિત અધિકારીઓ પૈકી ત્રણ સભ્યો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના હોય તેવા વધુમાં વધુ બિનસરકારી સભ્યો અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સિવાયના બીન સરકારી સંગઠનો સાથે સંકળાયેલ વર્ગોના વધુમાં વધુ ત્રણ સભ્યો જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અનુક્રમે અધ્યક્ષ અને સભ્ય સચિવ રહેશે.

(૩) જિલ્લા સ્તરીય સમિતિ ઓછામાં ઓછું ત્રણ મહિનામાં એક વખત મળશે.

**૧૮. વાર્ષિક અહેવાલ માટેની વિષય-સામગ્રી :-**

દર વર્ષે, રાજ્ય સરકાર, અધિનિયમની જોગવાઈઓ અને પોતે ઘડેલ વિવિધ કાર્યયોજનાઓ / યોજનાઓના અમલ માટે ગત વર્ષ દરમિયાન લીધેલાં પગલાં અંગેનો અહેવાલ ૩૧મી માર્ચ પહેલાં કેન્દ્ર સરકારને મોકલશે.

જોડાણ - ૧

અનુસૂચિ

**( જુઓ નિયમ ૧૨ (૪) )**

**રાહતની રકમ માટેનાં ધોરણો**

| ક્રમ.નં. | ગુનાનું નામ | રાહતની ન્યૂનતમ રકમ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અખાદ્ય અથવા હાનિકારક પદાર્થ-પીણું ખાવાપીવા બાબત* (કલમ ૩ (૧) (૧) ) | અત્યાચારનો ભોગ બનેલી પ્રત્યેક વ્યક્તિને, ગુનાના પ્રકાર અને ગંભીરતાના આધારે તેમજ તેણે સહન કરેલ અનાદર, અપમાન, ઈજા અને બદનક્ષીના પ્રમાણમાં રૂ. ૨૫,૦૦૦ કે તેથી વધુ ચુકવણી નીચે પ્રમાણે કરવી :-<br>(૧) અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે ૨૫ ટકા.<br>(૨) નીચલી અદાલત દ્વારા આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે ૭૫ ટકા. |
| ૨. | ઈજા, અપમાન અથવા પજવણી થવા બાબત (કલમ ૩ (૧) (૨) ) | |
| ૩. | માનહાનિ કરનાર કૃત્ય (કલમ ૩(૧) (૩)) | |
| ૪. | ગેરકાયદે જમીનનો ભોગવટો અથવા ખેતી, વગેરે. (કલમ ૩ (૧) (૪)) | ગુનાના પ્રકાર અને ગંભીરતાના આધારે ઓછામાં ઓછુ રૂ. ૨૫,૦૦૦ કે તેથી વધુ જમીન/જગ્યા/પાણી પુરવઠો, જરૂરી હોય ત્યાં સરકારી ખર્ચે પૂર્વવત્ કરવાના રહેશે. અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે સંપૂર્ણ ચુકવણી કરવાની રહેશે. |
| ૫. | જમીન, જગ્યા અને પાણી સંબંધી (કલમ ૩ (૧) (૫)) | |
| ૬. | વેઠ, બળજબરી પૂર્વકની કે બંધનયુક્ત મજુરી (કલમ ૩ (૧) (૬)) | ભોગ બનેલ પ્રત્યેક વ્યક્તિને ઓછામાં ઓછું રૂ. ૨૫,૦૦૦ પ્રથમ માહિતી અહેવાલના તબક્કે ૨૫ ટકા અને નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં ૭૫ ટકાની રકમની ચુકવણી. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૭. | મતાધિકાર સંબંધી (કલમ ૩ (૧) (૭)) | ગુનાના પ્રકાર અને તેની ગંભીરતાના આધારે ભોગ બનેલ પ્રત્યેક વ્યક્તિને રૂ. ૨૦,૦૦૦ સુધી. |
| ૮. | ખોટી દ્વેષપૂર્ણ અથવા પરેશાનીભરી કાનૂની કાર્યવાહી ( કલમ ૩ (૧) (૮) ) | આરોપીનો મુકદ્દમો પૂરો થયા બાદ રૂ. ૨૫,૦૦૦ /- અથવા કાનૂની કાર્યવાહી માટે થયેલ ખરેખર ખર્ચ અને નુકસાનીની ભરપાઈ-એ પૈકી જે ઓછું હોય તે. |
| ૯. | ખોટી અને ક્ષુલ્લક માહિતી ( કલમ ૩ (૧) (૯) ) | |
| ૧૦. | અપમાન, ધાકધમકી અને માનભંગ (કલમ ૩ (૧) (૧૦)) | ગુનાના પ્રકારના આધારે, ભોગ બનેલી પ્રત્યેક વ્યક્તિને રૂ. ૨૫,૦૦૦/- સુધી. અદાલતને તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે ૨૫ ટકા રકમ અને ગુનો સાબિત થતાં બાકીની રકમની ચુકવણી. |
| ૧૧. | સ્ત્રીનો શીલભંગ (કલમ ૩ (૧) (૧૧) | ગુનાનો ભોગ બનેલ દરેક વ્યક્તિને રૂ. ૫૦,૦૦૦ ૫૦ % રકમ તબીબી પરીક્ષણ થયા પછી અને બાકીની ૫૦ ટકા રકમ મુકદ્દમો પૂરો થયે ચૂકવવી. |
| ૧૨. | સ્ત્રીનું જાતીય શોષણ (કલમ ૩ (૧) (૧૨)) | |
| ૧૩. | પાણી ગંદુ કરવું (કલમ ૩ (૧) (૧૩)) | રૂ. ૧,૦૦,૦૦૦ /- સુધી અથવા પાણી ગંદુ કરવામાં આવ્યું હોય તેવા સંજોગોમાં તે શુદ્ધ કરવા સહિતની સામાન્ય સવલત પૂર્વવત્ કરવા માટેનું પૂરેપૂરું ખર્ચ, જિલ્લા વહીવટીતંત્ર તેને ઉચિત જણાય તે તબક્કે ચુકવણી કરી શકશે. |
| ૧૪. | પરંપરાગત માર્ગાધિકારનો ઈન્કાર (કલમ ૩ (૧) (૧૪)) | રૂ. ૧,૦૦,૦૦૦ /- સુધી અથવા માર્ગાધિકાર પાછો મેળવવા અંગેનું પૂરું ખર્ચ અને જો કોઈ નુકસાન થયું હોય તો તે પેટે પૂરું વળતર. અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે ૫૦ ટકા રકમ અને નીચલી અદાલતમાં ગુનો સાબિત થતાં ૫૦ ટકા રકમની ચુકવણી. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| ૧૫. | રહેઠાણો તારાજ કરવાં (કલમ-૩ (૧) (૧૫)) | ભોગ બનેલ દરેક વ્યક્તિને જગ્યાની ફેર-સોંપણી /- તેના રહેવાના હકનું પુનઃ સ્થાપન અને રૂ. ૨૫,૦૦૦નું વળતર અને મકાન તારાજ કરવામાં આવ્યું હોય તો સરકારી ખર્ચે તેનું પુનઃબાંધકામ. નીચલી અદાલતમાં તહોમતનામું રજૂ કરવામા આવે ત્યારે સંપૂર્ણ રકમ ચૂકવવાની રહેશે. |
| ૧૬. | ખોટા પુરાવા આપવા (કલમ ૩ (૨) (૧) અને (૨)) | ઓછામાં ઓછું રૂ. ૧,૦૦,૦૦૦ અથવા થયેલ નુકશાન અથવા હાનિ માટે પુરું વળતર. ૫૦ ટકા રકમ અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે અને ૫૦ ટકા રકમ, નીચલી અદાલતમાં ગુના સાબિત થતાં ચૂકવવાની રહેશે. |
| ૧૭. | ભારતીય દંડ સહિતા હેઠળ ૧૦ વર્ષ કે તેથી વધુ મુદત માટેની કેદની સજા કરવાપાત્ર ગુના કરવા. (કલમ ૩ (૨) (૫) ) | ભોગ બનેલ દરેક વ્યક્તિને અને / અથવા તેનાં અશ્રિતોને, ગુનાના પ્રકાર અને ગંભીરતાના આધારે ઓછામાં ઓછું રૂ. ૫૦,૦૦૦ /- અનુસૂચિમાં ઓછું અન્યથા નિર્દિષ્ટરીતે જોગવાઈ કરવામાં આવી હોય તો રકમમાં ફેરફાર થશે. |
| ૧૮. | રાજ્ય સેવાના કર્મચારી પક્ષે કિન્નાખોરી. (કલમ ૩ (૨) (૮)) | થયેલ હાનિ અથવા નુકસાન કે ઈજા અંગે પુરું વળતર. ૫૦ ટકા રકમ, અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે અને ૫૦ ટકા રકમ, નીચલી અદાલતમાં ગુના સાબિતી થતાં ચૂકવવાની રહેશે. |
| ૧૯. | અશકતતા. શારીરિક અને માનસિક અશકતતાની વ્યાખ્યા. ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના તારીખ ૬/૮/૧૯૮૬ના વખતો વખત સુધાર્યા પ્રમાણેના જાહેરનામા નં.૪-૨/૮૩ એચ ડબલ્યુ-૩ માં આપવામા આવી છે. જાહેરનામાની નકલ જોડાણ-૨માં આપી છે. | |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| (ક) | ૧૦૦ ટકા અશક્તતા<br>(૧) પરિવારના બિન-કમાઉ સભ્ય | ગુનાનો ભોગ બનેલ દરેક વ્યક્તિને ઓછામાં ઓછું રૂ. ૧,૦૦,૦૦૦/-. ૫૦ ટકા રકમ પ્રથમ માહિતી અહેવાલ વખતે, ૨૫ ટકા રકમ તહોમતનામા વખતે અને ૨૫ ટકા રકમ, નીચલી અદાલતમાં ગુના- સાબિતી થતાં. |
| | (૨) પરિવારના કમાઉ સભ્ય | ગુનાનો ભોગ બનેલ દરેક વ્યક્તિને ઓછામાં ઓછું રૂ. ૨,૦૦,૦૦૦/-. ૫૦ ટકા રકમ, પ્રથમ માહિતી અહેવાલ / તબીબી પરીક્ષણના તબક્કે, ૨૫ ટકા રકમ, અદાલતમાં તહોમતનામું રજૂ કરવામાં આવે ત્યારે અને ૨૫ ટકા રકમ, નીચલી અદાલતમાં ગુના સાબિતી થતાં ચૂકવવાની રહેશે. |
| (ખ) | ૧૦૦ ટકા કરતાં ઓછી અશક્તતા | ઉપર ક (૧) અને (૨) માં ઠરાવેલા દરો, અનુરૂપ પ્રમાણમાં ઘટાડવાના રહેશે, જ્યારે ચુકવણીના તબક્કા તે જ રહેશે. આમ છતાં, પરિવારના બિનકમાઉ સભ્ય માટે ઓછામાં ઓછા રૂ. ૧૫,૦૦૦/- અને કમાઉ સભ્ય માટે ઓછામાં ઓછા રૂ. ૩૦,૦૦૦ની રાહત રકમ રહેશે. |
| ૨૦. | ખૂન / મૃત્યુ<br>(ક) પરિવારના બિન-કમાઉ સભ્ય | દરેક કેસમાં ઓછામાં ઓછા રૂ. ૧,૦૦,૦૦૦/- શબપરીક્ષા પછી ૭૫ ટકા રકમ અને નીચલી અદાલતમાં ગુના- સાબિતી થતાં ૨૫ ટકા રકમની ચુકવણી. |
| | (ખ) પરિવારના કમાઉ સભ્ય | દરેક કેસમાં ઓછામાં ઓછા રૂ. ૨,૦૦,૦૦૦/- શબ પરીક્ષા પછી ૭૫ ટકા રકમ અને નીચલી અદાલતમાં ગુના- સાબિતી થતાં ૨૫ ટકા રકમની ચુકવણી. |
| ૨૧ | ખૂન, મૃત્યુ, કત્લેઆમ, બળાત્કાર, સામૂહિક બળાત્કાર અને ગેંગ બળાત્કાર કાયમી અશક્તતા અને લૂંટનો ભોગ બનેલ વ્યક્તિ. | ઉપર્યુક્ત બાબતો અન્વયે ચૂકવેલ રાહત રકમ ઉપરાંત, અત્યાચારની તારીખથી ત્રણ મહિનામાં નીચે જણાવ્યા પ્રમાણે રાહત માટેની વ્યવસ્થા કરવી.<br>(૧) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની મૃત વ્યક્તિની વિધવા અને / અથવા અન્ય આશ્રિતો દરેક ને માસિક રૂ. ૧,૦૦૦ના દરે પેન્શન અથવા મૃતકના પરિવારના એક સભ્યને રોજગાર અથવા જરૂર જણાય તો તાત્કાલિક ખરીદી કરીને પણ ખેતીની જમીન, મકાનની જોગવાઈ. |

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| | | (૨) ભોગ બનેલા વ્યક્તિનાં બાળકોનાં શિક્ષણ અને નિર્વાહનું પૂરું ખર્ચ. બાળકોને આશ્રમ શાળાઓ / નિવાસી શાળાઓમાં દાખલ કરી શકાય.<br>(૩) ત્રણ મહિનાના સમય ગાળા માટે વાસણો, ચોખા, ઘઉં, દાળ, કઠોળ વગેરેની જોગવાઈ. |
| ૨૨. | સંપૂર્ણપણે તોડી પાડેલાં/બાળી નાખેલાં ઘર. | ઘરોબાળી નાંખવામાં કે તોડી પાડવામાં આવ્યાં હોય, તો સરકારના ખર્ચે ઈંટ/પથ્થરના ચણતરવાળા ઘરો બાંધવા કે પૂરાં પાડવાં. |

સહી/- ગંગાદાસ
ભારત સરકારના સંયુક્ત સચિવ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિ.મ.પરમાર
ઉપસચિવ,
સમાજકલ્યાણ વિભાગ.